કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મહારાષ્ટ્રના પુણે ખાતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોભાલને લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર ૨૦૨૬ એનાયત કર્યો હતો. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રફડણવીસ, ઉપમુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે અને શ્રીમતી સુનેત્રા પવાર, કેન્દ્રીય સહકારિતા રાજ્ય મંત્રી શ્રી મુરલીધર મોહોલ, સાથે અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આજે લોકમાન્ય બાલ ગંગાધર તિલકની ૧૦૬મી પુણ્યતિથિ છે. તેમણે કહ્યું કે તિલક મહારાજે ભારતની સ્વતંત્રતા સંગ્રામને નવી દિશા અને અર્થ આપવા માટે "સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે, અને હું તેને મેળવીને જ જંપીશ" નો મંત્ર આપ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે સંપૂર્ણ સ્વરાજ્ય ત્યારે જ મેળવી શકાય જ્યારે આપણી શાસન વ્યવસ્થા, ભાષા, સંસ્કૃતિ અને ધર્મ દ્રઢપણે સ્થાપિત થાય. શ્રી શાહે કહ્યું કે તિલક મહારાજે સ્વરાજ્ય અને સ્વતંત્રતા માટેના આંદોલનો સાથે જનતાને જોડી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તિલક મહારાજે "સ્વતંત્રતા ચળવળમાં એક નવા પ્રકારનો રાષ્ટ્રવાદ — રૂઢ કુલો હતો. શ્રી શાહે કહ્યું કે તિલક મહારાજે દેશ ભવિષ્યમાં જે માર્ગ પર ચાલશે તે માર્ગ પણ કંડાર્યો હતો, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે પણ ભારત સ્વતંત્રતા મંળવશે, તે આ જ માર્ગ પર આગળ વધશે. આજે, તેમણે કહ્યું કે, દેશ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના માર્ગ પર નીકળી પડ્યો છે. શ્રી અમિત શાહે કહ્યું કે લોકમાન્ય તિલક એક શિક્ષક અને ઉત્કૃષ્ટ પત્રકાર હતા. એક મહાન વિચારકની રીતે, તેમણે વિશ્વ સમક્ષ ભારતની આત્મનો વાચા આપી અને કરોડો લોકોના દિલમાં સ્વરાજ્યની ભાવના જગાવી. તેમણે કહ્યું કે સમગ્રસ્વતંત્રતા ચળવળ દરમિયાન, લોકમાન્ય બાલ ગંગાધર તિલક જેવા — એક દ્રષ્ટિદ્રષ્ટી, એક અસાધારણ શિક્ષક, એક નિર્ભય પત્રકાર, એક ગહનવિચારક અને એક કર્મયોગી — ની સરખામણી થઈ શકે તેવું કોઈ નહોતું. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે તિલક મહારાજ જે રાષ્ટ્ર સમક્ષ ભગવદ્ ગીતાના વ્યવહારિક સાર રજૂ કર્યો હતો. તેમણે ચૂ ઈચ્છિશ સ્કૂલથી શરૂ કરીને, ત્યારબાદ ડેક્કન એજ્યુકેશન સોસાયટી, અને કેસરી અને મરાઠા જેવા અખબારોની સ્થાપના કરી હતી. તિલક મહારાજ માનતા હતા કે શિક્ષણનો સાચો હેતુ જ્ઞાનથી બુદ્ધિને પ્રકાશિત કરવાનો છે. શ્રી શાહે નોંધ્યું કે જો અંગ્રેજો કોઈ અખબારોથી ડરતા હોય, તો તે કેસરી અને ધી મરાઠા હતા. તેમણે નોંધ્યું કે તિલક મહારાજ એ સ્થાપિત કરનાર પ્રથમ વ્યક્તિ હતા કે જો સ્વતંત્રતા મળી પણ જાય, તો પણ તેનું મૂલ્ય બહુ આછું રહેશે જો લોકોની રાષ્ટ્રીય ચેતના જાગૃત ન થઈ હોય. તિલક મહારાજે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે સંગઠન અને લોકોની સામૂહિક શક્તિ વિના રાષ્ટ્રીય શક્તિ ક્યારેય બનાવી શકાય નહીં. વિવિધ સાર્વજનિક ઉત્સવો દ્વારા, તેમણે માત્ર મહારાષ્ટ્રના લોકોને જ નહીં પરંતુ સમગ્ર દેશના નાગરિકોને એક કર્યા હતા. શ્રી શાહે વધુમાં કહ્યું કે આત્મનિર્ભરતા, શિસ્ત અને રાષ્ટ્ર તથા બંધારણ પ્રત્યેની ફરજની ભાવના પણ સ્વરાજ્યના અભિન્ન અંગ છે. તેમણે ઉમેર્યું હતું કે તિલક મહારાજનું જીવન, વિચારો અને લખાણો આજના યુવાનો અને ફ્રિઓરો માટે પ્રેરણા સ્રોત બની રહ્યા છે. શ્રી અમિત શાહે કહ્યું કે આજે શ્રી અજિત ડોભાલને લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે પુરસ્કાર એ માત્ર મંડલ નથી; તે લોકોને પ્રેરણા આપવાનું અનેપ્રખ્યાત વ્યક્તિઓના ઉત્કૃષ્ટ યોગદાનની નોંધ લેવાનું એક સાધન છે. જ્યારે કોઈ વ્યક્તિ સમાજના કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ યોગદાન આપે છે, ત્યારે તેમાત્ર એક વ્યક્તિ રહેતી નથી અને ઘણા ઉપર ઉઠીને પ્રેરણાનો શાશ્વત સ્રોત બની જાય છે. આવી વ્યક્તિઓનું સન્માન કરવું એ સમાજની જવાબદારી છે તેમણે ક્હ્યું કે આમ કરીને સમાજ માત્ર પોતાની ફરજની ભાવના પૂર્ણ નથી કરતો પરંતુ અન્ય લોકોને પણ આવા અસાધારણ વ્યક્તિત્વોનું અનુકરણ કરવા માટે પ્રેરિત કરે છે. શ્રી શાહે ઉમેર્યું હતું કે શ્રી અજિત ડોભાલને લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવાથી રાષ્ટ્રની સેવા માં જીવતા અને કામ કરતા દરેક નાગરિક માટે પ્રેરણાનો મોટો સ્રોત બનશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે જ્યારે શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે રાજ્યમા બોમ્બ ધડાકાઓની એક શ્રેણી બની હતી. તે સમયે, શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ગુજરાત પોલીસે માત્ર તે બોમ્બ ધડાકાઓની જ નહીં પરંતુ તેમાંસંકળાયેલા વ્યક્તિઓની તેમજ સમગ્ર ઇકોમાં થયેલા તમામ બોમ્બ ધડાકાઓની પણ તપાસ કરવી જોઈએ. કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઉમેર્યું કે, શ્રી મોદીએ ત્યારે નિર્દેશ આપ્યો હતો કે તપાસ હાથ ધરવામાં ગુજરાત પોલીસ સાથે કામ કરવા માટે શ્રી અજિત ડોભાલને બોલાવવામાં આવે. તેમણે ઉમેર્યું કે, પરિણામે, ગુજરાત પોલીસ માત્ર અમદાવાદ સિરિયલ બોમ્બ ધડાકા જ નહીં પરંતુ સંકલિત તપાસ દ્વારા દેશભરના ૧૩ બોમ્બ ધડાકા કેસોનો ઉકેલ લાવવામાં સફળ રહી હતી. શ્રી અમિત શાહે ક્હ્યું કે જ્યારે પણ શ્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળનો ઈતિહાસ લખાશે અને દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષાનું મૂલ્યાંકન કરવામાં આવશે, ત્યારેશ્રી અજિત ડોભાલના યોગદાન માટે નિઃશંકપણે એક સુવર્ણ પ્રકરણ સમર્પિત હશે. તેમણે કહ્યું કે પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની વિદેશ નીતિ નૂંધપાત્ર રીતે મજબૂત બની છે, અને દેશ ગૌરવ અને સન્માન સાથે વિશ્વમાં પોતાનું સ્થાન દ્રઢતાપૂર્વક સ્થાપિત કર્યુ છે. શ્રી શાહ ઉમેર્યું કે મોદી સરકાર અને શ્રી અજિત ડોભાલ બંનેની આંતરિક સુરક્ષા નીતિ મજબૂત કરવા માટે સમાન વિચારધારા ધરાવે છે. તેમણે કહ્યું કે શ્રી અજિત ડોભાલ એક સમર્પિત ઈન્ટેલિજન્સ બ્યુરો અધિકારી તરીકે સેવા આપી હતી અને દેશ સમક્ષ ઉપસ્થિત દરેક મુખ્ય સુરક્ષા પડકારનો ઉકેલ લાવવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમણે કહ્યું કે શ્રી ડોભાલે ઉત્તર પૂર્વ, સિક્કિમ, જમ્મુ અને કાશ્મીર, પંજાબ અને પાકિસ્તાનમાં સેવા આપતી વખતે અસાધારણ યોગદાન આપ્યું હતું, એવા યોગદાન જે વર્ણન કે મૂલ્યાંકનથી પર છે. તેમણે વધુમાં કહ્યું કે શ્રી અજિત ડોભાલ અત્યંત જટિલ સમયગાળા દરમિયાન છ વર્ષ સુધી પાકિસ્તાનમાં પણ સેવા આપી હતી, જેણે રાષ્ટ્રની સુરક્ષામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. શ્રી અમિત શાહે કહ્યું કે ૨૦૧૯ પછી, મોદી સરકાર મલ્ટી એજન્સી સેન્ટર (MAC) ને મજબૂત કરવા માટે કામ કર્યું જે આજે દેશની આંતરિક સુરક્ષાની કરોડરજ્જુ તરીકે કામ કરે છે. તેમણે કહ્યું કે શ્રી અજિત ડોભાલ જહતા જેમણે MAC નો મજબૂત પાયો નાખ્યો હતો. શ્રી શાહે વધુમાં કહ્યું કે જ્યારે શ્રી નરેન્દ્ર મોદી ૨૦૧૪ માં ભારતના પ્રધાનમંત્રી બન્યા, ત્યારે તેમણે શ્રી અજિત ડોભાલને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્ત કર્યા હતા. તેમણે ઉમેર્યું કે શ્રી ડોભાલ દેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર હોવાનું ગૌરવ પણ ધરાવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ અણ્ણા ભાઉ સાઠેજીની જન્મજયંતિ પર તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીહતી.

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ અંગદાતા સ્વ. મનુભાઈ લાલજીભાઈ ડોબરીયાને અર્પી ભાવભીની શ્રદ્ધાંજલિ

પી.પી. માણિયા હોસ્પિટલ, સુરત ખાતે ડોબરીયા પરિવારના માનવતાભર્યા નિર્ણયને બિરદાવ્યો; અંગદાન અંગે વ્યાપક જનજાગૃતિ માટે સૌને અપીલ

કમલમ્, સુરત,

ગુજરાત સરકારના આરોગ્ય મંત્રી શ્રીપ્રફુલ પાનશેરીયાએ સુરત સ્થિત પી.પી. માણિયા હોસ્પિટલની મુલાકાત લઈ અંગદાતા સ્વ. શ્રી મનુભાઈ લાલજીભાઈ ડોબરીયાને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે તેમણે ડોબરીયા પરિવાર દ્વારા અંગદાન માટેલેવામાં આવેલા સંવેદનશીલ, માનવતાપર્ય અને પ્રેરણાદાયી નિર્ણયને હૃદયપૂર્વક બિરદાવ્યો હતો. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, "અંગદાન એ માનવતાનું એવું મહાદાન છે, જે એક વ્યક્તિના વિદાય બાદ પણ અનેક લોકોને નવજીવન આપી શકે છે. અંગદાતાના આ મહાન નિર્ણયથી અનેક જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમના પરિવારજનોના જીવનમાં આશાનો નવો પ્રકાશ પ્રગટે છે." તેમણે ડોબરીયા પરિવારની સેવાભાવી ભાવનાને નમન કરતાં જણાવ્યું હતું કે, દુઃખની આ ઘડીમાં પણ અન્ય લોકોના જીવનને બચાવવાનો નિર્ણય લેવો એ સમાજ માટે એક ઉત્તમ અને પ્રેરણાદાયી ઉદાહરણ છે. આવા માનવતા લક્ષી કાર્યો સમાજમાં અંગદાન પ્રત્યે સકારાત્મક વિચારધારા અને જાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, અંગદાન અંગે પ્રવર્તતી ગેરમાન્યતાઓ અને સંકોચ દૂર કરવા માટે વ્યાપક જનજાગૃતિ અત્યંત જરૂરી છે. વધુને વધુ લોકો અંગદાનનો આ પવિત્ર સંકલ્પ સાથે જોડાય અને જીવનરક્ષક આ મહાદાન માટે આગળ આવે, તે માટે સમાજના દરેક વર્ગે સહભાગી બનવું જોઈએ. આ પ્રસંગે પી.પી. માણિયા હોસ્પિટલના તબીબો, આરોગ્યકર્મીઓ, અંગદાન ક્ષેત્રે કાર્યરત સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓ તથા ડોબરીયા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલ અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે રામજી મંદિર અને ભકતાશ્રમ ખાતે આશ્રયસ્થાનની મુલાકાત લીધી

સ્થળાંતરિત પરિવારો સાથે મુલાકાત કરી સુખાકારી જાણી; ફૂડ પેકેટ વિતરણમાં જોડાયેલા સ્વયંસેવકોની કામગીરીને પ્રોત્સાહિત કર્યા

કમલમ્,નવસારી

નવસારી જિલ્લામાં તેમજ ઉપરવાસમાં થયેલા અતિભારે વરસાદને પગલે સુરક્ષાના ભાગરૂપે સ્થળાંતર કરાયેલા નાગરિકો માટે નવસારી શહેરના રામજી મંદિર અને ભક્તાશ્રમ ખાતે કાર્યરત આશ્રયસ્થાનની આજે કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલ તથા રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીઓએ આશ્રયસ્થાનમાં રહેતા સ્થળાંતરિત પરિવારો સાથે ઉભરૂ મુલાકાત કરી તેમની સુખા કરી અંગે પૂછપરછ કરી હતી તેમજ આશ્રયસ્થાનમાં ઉપલબ્ધ રહેઠાણ, ભોજન, પીવાના પાણી, આરોગ્ય અને અન્ય જરૂરી સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. તેમણે અસરગ્રસ્ત નાગરિકોને જરૂરી તમામ સહાય સમયસર અને સુચારૂ રીતે ઉપલબ્ધ કરાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામા આવેલી કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીઓએ આશ્રયસ્થાન ખાતે સ્થળાંતરિત નાગરિકોને ભોજન અને ફૂડ પેકેટનું વિતરણ કરી રહેલા સ્વયંસેવકો સાથે પણ મુલાકાત કરી તેમની સેવાભાવના અને માનવતા પૂર્ણ કામગીરીને બિરદાવી હતી. આપત્તિના સમયમાં નિઃસ્વાર્થ ભાવથી સેવા આપતા સ્વયંસેવકોના યોગદાનને તેમણે પ્રશંસનીય ગણાવી વધુ સેવા કાર્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા. મુલાકાત દરમિયાન મહાનગરપાલિકા કમિશ્નર શ્રીમતી પ્રજ્ઞા કે. મોયરશ્રી અશોકભાઈ ધોરાજીયા , મ્યુનિસિપલ કમિશ્નર શ્રી જયેશ ઉપાધ્યાય, સ્થાનિક પદાધિકારીઓ તથા વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગણદેવી તાલુકાના ગણદેવા ખાતે વીજકરંટથી જીવ ગુમાવનાર હળપતિ પરિવારના મૃતક શ્રમિકોના પરિવારજનોને સહાય અર્પણ કરાઈ

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ અને આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે મૃતકોના સ્વજનોને સહાયના ચેક અપાયા

મંત્રીઓએ શોકગ્રસ્ત પરિવારજનોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી

કમલમ્,નવસારી,

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગણદેવા ગામે હટવાડા ફળિયામાંથી પસાર થતાં ડેમ્પોને ૧૧ કે.વી.નો જીવંત વીજતાર ઓડી જતાં સર્જાયેલી દુઃખદ ઘટનામાં જીવ ગુમાવનાર હળપતિ પરિવારના ૨ણ શ્રમજીવી યુવાનોના પરિવારજનોને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ તથા રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના હસ્તે સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં કલ્પેશ અરૂણભાઈ હળપતિ (ઉ.વ. ૨૭) ના પરિવારને રૂ.૫.૨૦ લાખ , નીતિન વિનોદભાઈ હળપતિ (ઉ.વ. ૩૨)ના પરિવારને રૂ.૫ લાખ (પાંચ લાખ) અને જીગર નીતિનભાઈ હળપતિ (ઉ.વ. ૨૧)ના પરિવારને રૂ. ૫.૫૪ લાખની સહાય આપી હતી ગંભીર અકસ્માતમાં દુઃખદ મૃત્યુ થયા હતા. આજે મંત્રીશ્રીઓએ દિવંગત શ્રમજીવીઓના પરિવારજનોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને આ કઠિન તેમજ દુઃખની ઘડીમાં ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. મંત્રીઓએ હોસ્પિટલમાં સારવાર હેઠળના ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ અને ત્વરિત સારવાર મળે તે માટે સંબંધિત આરોગ્ય અધિકારીઓ અને વહીવટી તંત્રને જરૂરી સૂચનાઓ આપી હતી.

વાઇસ એડમિરલ એએન પ્રમોદ, AVSM, YSM એ ડેપ્યુટી ચીફ ઓફ નેવલ સ્ટાફ તરીકે પદભાર સંભાળ્યો

કમલમ્,

વાઇસ એડમિરલ એએન પ્રમોદ, AVSM, YSM એ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ડેપ્યુટી ચીફ ઓફ નેવલ સ્ટોફ તરીકેનો પદભાર સંભાળ્યો. નેવલ એકેડેમી, ગોવાના ૩૮મા ઈન્ટિગ્રેટેડ કેડેટ કોર્સના ભૂતપૂર્વ વિદ્યાર્થી, વાઇસ એડમિરલ એએન પ્રમોદ ૦૧ જુલાઈ ૧૯૯૦ના રોજ ભારતીય નૌકાદળમાં સામેલ થયા હતા. ફ્લેગ ઓફિસર CAT 'A' સી ફિંગ એર ઓપરેશન્સ ઓફિસર અને કોમ્યુનિકેશન એન્ડ ઈલેક્ટ્રોનિક વોરફેર સ્પેશિયાલિસ્ટ છે. તેઓ ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટન અને નેવલ વોર કોલેજ, ગોવા ખાતે નેવલ હાયર કમાન્ડ કોર્સના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. ૩૬ વર્ષથી વધુની વિશિષ્ટ કારકિર્દીમાં, ફ્લેગ ઓફિસરે દરિયામાં અને જમીન પર એમ બંને જગ્યાએ કમાન્ડ, ઓપરેશનલ, ઈન્સ્ટ્રક્શનલ અને સ્ટાફની વિવિધ નિયુક્તિઓ સંભાળી છે. તેમની મુખ્ય દરિયાઈ નિયુક્તિઓમાં ગાઇડેડ મિડાઇલ ડિસ્ટ્રોયર INS રાજપૂત ના ઓફિક્યુટિવ ઓફિસર અને એક્ટી-સબમરીન વોરફેર પેટ્રોલીંગ વેસલ INS અભય, લેન્ડિંગ શિપ ટેક (લાર્જ) INS શાર્દુલ અને ગાઇડેડ મિસાઇલ ફ્રિગેટ INS સાતપુરાના કમાન્ડનો સમાવેશ થાય છે. તેમણે ગુલવા ન ઘટના બાદ ઓપરેશન સ્નેક લેપ્ડ દરમિયાન વેસ્ટર્ન ફ્લીટના ફ્લીટ ઓપરેશન્સ ઓફિસર તરીકે પણ સેવા આપી હતી. ફ્લેગ ઓફિસર ૧૯૯૯ માં ઓપરેશન વિજય અને ૨૦૦૧ માં ઓપરેશન પરાક્રમમાં ભાગ લીધો હતો. જમીન પર, ફ્લેગ ઓફિસરે શ્રી વિજય પૂરમ ખાતે નેવલ એર સ્ટેશન INS ઉત્કોશનું કમાન્ડિંગ કર્યું હતું અને ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટન ખાતે ડિરેક્ટિંગ સ્ટાફ તરીકે સેવા આપી હતી. નેવલ હેડક્વાર્ટર ખાતે તેમની મુખ્ય નિયુક્તિઓમાં જોઇન્ટ ડિરેક્ટર નેવલ એર સ્ટાફ, ડિરેક્ટર અને પ્રિન્સિપલ ડિરેક્ટર એર કાફ્ટ એક્ઝ્યુઝિશનનો સમાવેશ થાય છે. તેઓ ૨૦૦૬ થી ૨૦૦૯ સુધી ૩૦૫ કેટલ ઓડિટ ગ્રુપ અને ૨૦૧૬ થી ૨૦૧૯ સુધી ઇન્ડિયન નેવલ સ્ટેશન INS, ઉત્કોશનું કમાન્ડિંગ કર્યું હતું અને ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટન ખાતે ડિરેક્ટિંગ સ્ટાફ તરીકે સેવા આપી હતી. નેવલ હેડક્વાર્ટર ખાતે તેમની મુખ્ય નિયુક્તિઓમાં ડિરેક્ટર નેવલ ઓપરેશન્સ-સ્ટ્રાઈક એન્ડ મેરીટાઈમ ઓપરેશન્સ, ડિરેક્ટર નેવલ સ્ટાફ (એર) અને ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ મહારાષ્ટ્ર નેવલ એરિયાની નિયુક્તિનો સંભાળી હતી. વાઇસ એડમિરલના પદ પર પ્રમોશન મળવા પર, તેમણે ૧૩ ડિસેમ્બર ૨૦૨૩ થી ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધી ડિરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ-સ્ટાફ સેવા આપી હતી. દ્રક્ષ તરીકે, તેઓ ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય નૌકાદળની આયોજન, સક્રતા અને ઓપરેશનલ તૈયારીમાં તથા ચાલુ પશ્ચિમ એશિયા સંકટ દરમિયાન દરિયાઈ સુરક્ષા કામ ગીરીના સંચાલન માં સક્રિયપણે સંકળાયેલા હતા. તેમની વિશિષ્ટ સેવા અને ઓપરેશનલ નેતૃત્વની માન્યતા માં, ફ્લેગ ઓફિસરને ૨૦૨૪ માં અતિ વિશિષ્ટ સેવા મેડલ અને ૨૦૨૫ માં યુદ્ધ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. તેઓ વાઇસ એડમિરલ તરુણ સોબતી, UYSM, AVSM, VSM નું સ્થાન લેશે, જેઓ ૩૮ વર્ષથી વધુની વિશિષ્ટ સેવા પછી ૩૧ જુલાઈ ૨૦૨૬ના રોજ સેવામાંથી નિવૃત્ત થયા હતા.

સુરત જિલ્લાના મહુવા અંબિકા તાલુકામાં પૂરગ્રસ્ત લોકોની મુલાકાત લેતા ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયા

કમલમ્,મુખ્ય પટેલ

સુરત જિલ્લાના મહુવા, અંબિકા તાલુકા પંથકમાં પડેલા ભારે વરસાદ, અતિવૃષ્ટિ ને કારણે ક્રેસ, આંગલધરા , તંરકાણી, વહેવલ , ગાંગડીયા,અનાવલ, મહુવરીયા જેવા અનેક ગામોના પરિવારોના ઘરમાં પાણી ભરાઈ જવાના સમાચારને લઈને ૧૭૦ મહુવા વિધાનસભાના જાગૃત ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયા સતત વરસતા વરસાદમાં ખુદ પણ ગામે ગામ જઈ તંત્રને સાથે રાખી અસરગ્રસ્ત પરિવારો નું સલામત જગ્યાએ સ્થળાંતર કરાવ્યું હતું. અસરગ્રસ્ત પરિવારો ના ઘરમાં પાણી ભરાઈ જવાને કારણે ઘરવખરી પણ વ્યવસ્થા કરાવી હતી સક્રિય ધારાસભ્યની સતર્કતા ને કારણે અસરગ્રસ્ત પરિવારો ને રાહત અપાવી સમાજ પ્રત્યેનું ઋણ અદા કર્યુ હતું. સંગઠન પ્રમુખ તાલુકા જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો સંગઠનના પદાધિકારીઓ હાજર રહ્યા હતા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મૈસૂરુ, કર્ણાટક ખાતે સ્વામી વિવેકાનંદ સાંકૃતિક યુવા કેન્દ્ર - વિવેક સ્મારકનું ઉદ્ઘાટન કર્યું

અજિત ડોભાલજીને લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવાથી દેશ માટે જીવતા અને કામ કરતા દરેક ક્ષેત્રના નાગરિકો માટે પ્રેરણાનો મોટો સ્ત્રોત બનશે

મોદી સરકાર હેઠળ, મલ્ટી એજન્સી સેન્ટર (MAC) દેશની આંતરિક સુરક્ષાની કરોડરજ્જુ બન્યું છે, અને MAC નો મજબૂત પાયો શ્રી અજિત ડોભાલજી દ્વારા તેના સ્થાપક અધ્યક્ષ તરીકે નાખવામાં આવ્યો હતો

મોદીજીના નેતૃત્વમાં, સશસ્ત્ર દળોની પ્રહાર ક્ષમતા વધારવા માટે ટેકનોલોજી અને શૌર્યનું સંમિશ્રણ કરવામાં આવ્યું હતું: અજિત ડોભાલજીએ પણ તેમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મૈસૂરુ, કર્ણાટક ખાતે સ્વામી વિવેકાનંદ સાંકૃતિક યુવા કેન્દ્ર - વિવેક સ્મારકનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો અને નાગરિકોના વિશાળ જનમેદનીનું અભિવાદન કરતા પ્રધાનમંત્રીએ શહેરના અધિષ્ઠાત્રી દેવી માતા ચામુંડેશ્વરીને આદરપૂર્વક પ્રણામ કરીને પોતાના સંબોધનની શરૂઆત કરી હતી. રામકૃષ્ણ મિશન તના ઉપદેશો સાથેના પોતાના ગહન આધ્યાત્મિક જોડાણને યાદ કરતા પ્રધાનમંત્રીએ સામાન્ય વ્યક્તિને અસાધારણ વ્યક્તિત્વમાં ઢાળવા માટે જરૂરી કડેર આધ્યાત્મિક સાધના પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ સાધકના તપસ્યાના વર્ષો દરમિયાન સહાયક દૃષ્ટઓ દ્વારા ભજવવામાં આવતી મહત્વપૂર્ણ ભૂમિકાને રેખાંકિત કરી હતી. "તપસ્યા દરમિયાન સાધકને ઓળખનાર વ્યક્તિ આખરે તેની આધ્યાત્મિક સિદ્ધિમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર બને છે," તેમ શ્રી મોદીએ જણાવ્યું હતું.

મૈસૂરુ શહેરને દેશની સાંકૃતિક ચેતનાનું શાશ્વત કેન્દ્ર ગણાવતા, પ્રધાનમંત્રીએ ભવ્ય મહેલો, જીવંત તહેવારો અને એતિહાસિક પરંપરાઓને આવરી લેતા તેના સમૃદ્ધ વારસાના જતન અને જાળવણી માટે શહેરની પ્રશંસા કરી હતી. "ભારતનો વારસો આ શહેરના કણ-કણમાં વણાયેલો છે, અને તેને જે રીતે નિપુણતા થી સાચવવામાં આવ્યો છે તે જોઈને અપાર સંતોષ થાય છે," તેમ શ્રી મોદીએ નોંધ્યું હતું. નવા ઉદ્ઘાટન કરાયેલા સ્વામી વિવેકાનંદ સાંકૃતિક યુવા કેન્દ્ર (વિવેક સ્મારક) ના વારસાની ઉજવણી કરતા પ્રધાનમંત્રીએ મહાન સંન્યાસી સ્વામી વિવેકાનંદ, કુલ્પ્પુ જેવા સ્થાનિક વિદ્વાનો અને શહેરના બૌદ્ધિક ઇતિહાસ વચ્ચેના ગહન એતિહાસિક સંબંધોને વિરદાવ્યા હતા.

"આ એતિહાસિક કેન્દ્રના ઉદ્ઘાટન દ્વારા, આપણે આ મહાન મિશનને સક્રિયપણે એક નવા વિસ્તાર આપી રહ્યા છીએ," તેમ શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. સામાન્ય વ્યક્તિને અસાધારણ વ્યક્તિત્વમાં ઢાળવા માટે જરૂરી કડેર આધ્યાત્મિક સાધના પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ સાધકના તપસ્યાના વર્ષો દરમિયાન સહાયક દૃષ્ટઓ દ્વારા ભજવવામાં આવતી મહત્વપૂર્ણ ભૂમિકાને રેખાંકિત કરી હતી. "તપસ્યા દરમિયાન સાધકને ઓળખનાર વ્યક્તિ આખરે તેની આધ્યાત્મિક સિદ્ધિમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર બને છે," તેમ શ્રી મોદીએ અવલોકન કર્યું હતું એક વ્યાખ્યાયિત એતિહાસિક પ્રસંગનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ વિગત આપી હતી કે વી રીતે 130 વર્ષથી પણ વધુ સમય પહેલા મૈસૂરના તત્કાલીન મહારાજાએ એક યુવાન, અજાણ્યા ભ્રમણ કરતા સંન્યાસીને અનન્ય રીતે ઓળખીને તેમને સહયોગ આપ્યો હતો. આ એક એવો મહત્વપૂર્ણ ક્ષણ હતો જેને સ્વામી વિવેકાનંદે પાછળથી અમેરિકાથી ઊંડા આદર સાથે સ્વીકાર્યો હતો. "જે સમયે તેમની ખ્યાતિ સ્થાપિત થઈ નહતી તેસમયે તેમને ઓળખનારા ઓમાં તત્કાલીન મહારાજા એક નામ હતા, "તેમ શ્રી મોદીએ ટાંક્યું હતું. રામકૃષ્ણ આશ્રમની મુખ્ય વિચારધારાને સ્વામી વિવેકાનંદના નિ:સ્વાર્થ સેવાના, વિચાર સાથે જોડતા પ્રધાનમંત્રીએ શૈક્ષણિક, તબીબી અને આપત્તિ રાહત કામગીરી પ્રત્યે સંસ્થાના સદી જૂના સમર્પણની પ્રશંસા કરી હતી. "ખરેખર, એ જ જીવે છે જે અન્યો માટે સંપૂર્ણપણે જીવે છે, અને આ જ મંત્રને અનુસરીને આશ્રમે તેના ગૌરવશાળી સો વર્ષ પૂર્ણ કર્યાછે," તેમ શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

નવા ઉદ્ઘાટન કરાયેલા આ સ્મારકની ભવિષ્યની અસર વિશે વિગતવાર જૂકતા પ્રધાનમંત્રીએ આ સંસ્થાને યુવાનોની એવી નવી પેઢી તૈયાર કરવા આહ્વાન કર્યું હતું જેઓ પોતાની અંગત આકાંક્ષાઓથી ઉપર ઉઠીને રાષ્ટ્ર અને વંચિતોને પ્રાથમિકતા આપે. "આપણે અહીં એવા યુવાનોનું ઘડતર કરવું જોઈએ જેમના માટે ભારત માતાની સેવા કરવી અને ગરીબોના દુ:ખ દૂર કરવા એ જ તેમના જીવનનું અંતિમ લક્ષ્ય બની રહે," તેમ શ્રી મોદીએ જણાવ્યું હતું. સ્વામી વિવેકાનંદના સમયના પરાધીન ભારતીય યુવાનોની સ્થિતિની સરખામણી તેમના વર્તમાન વૈશ્વિક પ્રભુત્વ સાથે કરતા પ્રધાનમંત્રીએ રેખાંકિત કર્યું હતું કે વી રીતે આ મહાન વિચારક યુવા શિક્ષણને રાષ્ટ્ર નિર્માણ માટેનો શ્રેષ્ઠ પાયો માન્યો હતો. "જે ભારતીય યુવાનો એક સમયે સાંકળોમાં જકડાયેલા હતા તે આજે સમગ્રવિશ્વના વિકાસને અદ્ભુત ગતિ આપી રહ્યા છે," તેમ શ્રી મોદીએ અવલોકન કર્યું હતું. યુવા પેઢી દ્વારા ચલાવવામાંઆવતી અદ્ભુત તકનીકી અને આર્થિક સિદ્ધિઓની વિગતો આપતા પ્રધાનમંત્રીએ દેશને સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા, ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અને વૈશ્વિક કનેક્ટ બીજા ક્રમનું સૌથી મોટું મોબાઈલ ઉત્પાદન ક્ષમતા ધરાવતો દેશ બનાવવા બદલ યુવાનોને શ્રેય આપ્યા હતા. "આજે ભારત આપણા યુવાનોની અપાર ક્ષમતાનુ બળે છે, ડીપ ટેક, સ્પેસ ટેકનોલોજી અને ઈનોવેશનમાં ગૌરવશાળી નવા પ્રકરણો લખી રહ્યું છે," તેમ શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

અવકાશ ક્ષેત્રે તાજેતરની એતિહાસિક સિદ્ધિનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ ખાનગી રીતે વિકસિત રોકેટના સફળ પ્રક્ષેપણની ઉજવણી કરીહતી અને તેને દેશની ડિજિટલ અને ઉત્પાદન ક્રાંતિને આગળ ધપાવતા અઘનમ બળના શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે ગણાવ્યું હતું. "આત્મનિર્ભર ભારત હોય કે મેક ઇન ઇન્ડિયા અભિયાન હોય, તેની આખરી સફળતા પાછળનું ચાલક બળ માત્ર ને માત્ર ભારતના યુવાનોની શક્તિ છે," તેમ શ્રી મોદીએ નોંધ્યું હતું. આ વસ્તી વિષયક લાભનો ઉપયોગ કરવાની સરકારની જવાબદારીની રૂપરેખા આપતા પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે યુવા ક્ષમતા ત્યારે જ રાષ્ટ્રીય શક્તિમાં પરિવર્તિત થાય છે જ્યારે તેને યોગ્ય તકો, સ્પષ્ટ દિશા અને મજબૂત શૈક્ષણિક માળખાનો ટેકો મળે. "યુવાનોની ક્ષમતા ત્યારે જ તે રાષ્ટ્રની આખરી શક્તિ બનેછે જ્યારે તેમને પોતાની માટી પર મોટા સપના જોવાનો સંપૂર્ણ વિશ્વાસ મળે છે," તેમ શ્રી મોદીએ જણાવ્યું હતું. તેમણે સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા, ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અને વૈશ્વિક કનેક્ટ બીજા ક્રમનું સૌથી મોટું મોબાઈલ ઉત્પાદન ક્ષમતા ધરાવતો દેશ બનાવવા બદલ યુવાનોને શ્રેય આપ્યા હતા. "આજે ભારત આપણા યુવાનોની અપાર ક્ષમતાનુ બળે છે, ડીપ ટેક, સ્પેસ ટેકનોલોજી અને ઈનોવેશનમાં ગૌરવશાળી નવા પ્રકરણો લખી રહ્યું છે," તેમ શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

અવકાશ ક્ષેત્રે તાજેતરની એતિહાસિક સિદ્ધિનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ ખાનગી રીતે વિકસિત રોકેટના સફળ પ્રક્ષેપણની ઉજવણી કરીહતી અને તેને દેશની ડિજિટલ અને ઉત્પાદન ક્રાંતિને આગળ ધપાવતા અઘનમ બળના શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે ગણાવ્યું હતું. "આત્મનિર્ભર ભારત હોય કે મેક ઇન ઇન્ડિયા અભિયાન હોય, તેની આખરી સફળતા પાછળનું ચાલક બળ માત્ર ને માત્ર ભારતના યુવાનોની શક્તિ છે," તેમ શ્રી મોદીએ નોંધ્યું હતું. આ વસ્તી વિષયક લાભનો ઉપયોગ કરવાની સરકારની જવાબદારીની રૂપરેખા આપતા પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે યુવા ક્ષમતા ત્યારે જ રાષ્ટ્રીય શક્તિમાં પરિવર્તિત થાય છે જ્યારે તેને યોગ્ય તકો, સ્પષ્ટ દિશા અને મજબૂત શૈક્ષણિક માળખાનો ટેકો મળે. "યુવાનોની ક્ષમતા ત્યારે જ તે રાષ્ટ્રની આખરી શક્તિ બનેછે જ્યારે તેમને પોતાની માટી પર મોટા સપના જોવાનો સંપૂર્ણ વિશ્વાસ મળે છે," તેમ શ્રી મોદીએ જણાવ્યું હતું. "શિક્ષણ માત્ર પુસ્તકીયુન રહેવું જોઈએ; આપણે સુનિશ્ચિત કરવું જોઈએ કે કૌશલ્યક્રમો નવીનતા અને ઊંડા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો સક્રિયપણે વિકાસ થાય," તેમ શ્રી મોદીએ જણાવ્યું હતું. સ્વામી વિવેકાનંદના સમાનતા ના વિઝનને આધુનિક શૈક્ષણિક સુધારાઓ સાથે જોડતા પ્રધાનમંત્રીએ ભેદભાવ પૂર્ણ અવરોધોને પદ્ધતિસર દૂર કરવાની ઉજવણી કરી હતી. તેમણે સૈનિક શાળાઓ અને NDA માં દીકરીઓના પ્રવેશ તેમજ સ્થાનિક ભાષાઓમાં વ્યાવસાયિક ડિગ્રી અભ્યાસક્રમોની ક્રાંતિકારી શરૂઆતનો ગર્વથી ઉલ્લેખ કર્યો હતો.

"શિક્ષણ અને તકોમાં કોઈ ભેદભાવ ન હોવો જોઈએ તે આજે દેશનું એકીકૃત વિઝન બની ગયું છે," તેમ શ્રી મોદીએ નોંધ્યું હતું. ચારિત્ર્ય નિર્માણમાં શારીરિક સુદૃઢતા અને શિસ્તની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ ખેલો ઇન્ડિયા ગેમ્સ જેવા વ્યાપક પહેલો દ્વારા રાષ્ટ્રીય રમતગમત સંસ્કૃતિને આકાર કરીને પ્રોત્સાહન આપવાની સરકારની નીતિને સમર્થન આપ્યું હતું. "આજે રમતગમતને આપણા રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયાના એક ખૂબ જ મહત્વપૂર્ણ પ્રવાહ તરીકે સ્વીકારવામાં આવી રહી છે અને સક્રિયપણે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે," તેમ શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. ગ્રાસરૂટ સ્તરે રમતગમતના માળખાના મોટા પાયે વિસ્તાર ને આંતરરાષ્ટ્રીય સફળતા સાથે જોડતા પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે દેશના વૈશ્વિક રમતોત્સવ પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો થયો છે, જે મુખ્યત્વે નાના શહેરોની ઉભરતી પ્રતિભાઓ દ્વારા સંચાલિત છે. "અમારા અસાધારણ ખેલાડીઓ શ્રેષ્ઠ નવા રેકોર્ડ સર્જી રહ્યા છે અને આપણી ટીકાઓ દેશનું ગૌરવ સતત વધારી રહી છે," તેમ શ્રી મોદીએ અવલોકન કર્યું હતું. ઉચ્ચ સામાજિક ઉદેશ્યો માટે સેવા આપવા માટે આ નવા ઉદ્ઘાટન કરાયેલા સ્મારકમાંથી સીધી પ્રેરણા લેતા પ્રધાનમંત્રી એ સ્થાનિક યુવાનોને નાગરિક ફરજો સંબંધિત શ્રેણીબદ્ધ પડકારો આપ્યા હતા. "સ્વામી વિવેકાનંદજીની જેમ, આ વિવેક સ્મારક આપણને મોટા ઉદ્દેશ્ય માટે આદાકરદિશ્રમ કરવાની ગહન પ્રેરણા આપે છે," તેમ શ્રી મોદીએ ટાંક્યું હતું.

દેશના સૌથી સ્વચ્છ શહેરી કેન્દ્રોમાં સતત સ્થાન મેળવવા બદલ શહેરની પ્રશંસા કરતા પ્રધાનમંત્રીએ નાગરિકોને પર્યાવરણ સંરક્ષણ અને જળ સંચય તરફ મિશન-મોડ અભિગમ અપનાવવા વિનંતી કરી હતી. "આપણે કિંમતી પાણીપ્રતિ દરેક ટીપાને બચાવવા માટે સખત મિશન મોડમાં કામ કરવું જ જોઈએ," તેમ શ્રી મોદીએ જણાવ્યું હતું. વાલ્મીકિ રામાયણના કઠોર અનુવાદના વિમોચન ની ઉજવણી કરતા પ્રધાનમંત્રીએ યુવાનોને સ્માર્ટકોન્ત્રા યુગના વિકર્ષણોથી દૂર રહીને રાજ્યના સમૃદ્ધ સાહિત્યિક વારસા સાથે ફરીથી જોડાવા અપીલ કરી હતી. "શું આપણે યુવા પેઢીને સ્ક્રીનથી અલગ થઈને આપણા ગૌરવશાળી કડક સાહિત્ય સાથે ઊંડાણપૂર્વક જોડાવા માટે પ્રેરિત કરી શકીએ," તેમ શ્રી મોદીએ પૂછ્યું હતું. 'વોકલ ફોર લોકલ' નો વિભાવનાને સમર્થન આપતા પ્રધાનમંત્રીએ નાગરિકોને તેમની ભેટ-સોગાદોની જરૂરિયાતો માટે સ્થાનિક હસ્તકલા, રેશમ અને ચંદનની પેદાશો ખરીદીનું સ્થાનિક કારીગરોને સક્રિયપણે ટેકો આપવા વિનંતી કરી હતી.

"આપણી ભેટ ભારતીયના પરસેવેથી બનેલી હોય તે સુનિશ્ચિત કરવાથી આપણી સંસ્કૃતિનું ઉત્તેજન મળશે અને સ્થાનિક પરિવારોને મહત્વપૂર્ણ નાણાકીય સહાય મળશે," તેમ શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. પોતાના સંબોધનના અંતમાં એક સશક્ત આહ્વાન કરતા પ્રધાનમંત્રીએ દેશ માટે સ્વામી વિવેકાનંદના મહાન વિઝનને સાકાર કરવાની, અંતિમ જવાબદારી વર્તમાન પેઢીને સોંપી હતી અને યુવા સશક્તિકરણના દીપસ્તંભ તરીકે સ્મારકની ભવિષ્યની ભૂમિકામાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. "મને દૃઢ વિશ્વાસ છે કે વર્તમાન પેઢીના આ મોટી જવાબદારી પૂર્ણ કરવામાં મદદ કરવા માટે વિવેક સ્મારક સતત એક શક્તિશાળી ઊર્જા સ્ત્રોત તરીકે કામ કરશે," તેમ શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

નશા મુકત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન' હેઠળ NFSU, ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો

આપણો દેશ વિકસિતની સાથે સાથે નશામુકત પણ હોવો જોઇએ : રાષ્ટ્રની સૌથી મોટી સંપતિ તેની યુવા પેઢી છેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત

કમલમ્,

નશામુકત ભારતનાં સંકલ્પ સાથે રવિવારે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં 'નશામુકત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નો શુભારંભ કરાવ્યો હતો. જેના ભાગરૂપે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી - NFSU, ગાંધીનગર ખાતે "Gen-ZAgainst Addiction - નશા મુકત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન"ના રાજ્યકક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને ગુજરાત સહિત સમગ્ર દેશના યુવાઓને નશા મુકત ભારત બનાવવા માટે પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. રાજ્યમાં ગાંધીનગર ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ દેશને નશામુકત બનાવવાનાં સંકલ્પ માટે યુવાનો સાથે મનની વાત કાર્યક્રમ કર્યો હતો અને યુવા પેઢીને વિકસિત ભારતનાં સંકલ્પ માટે નશામુકત ભારતનાં નિર્માણનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત યુવાનોએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાથે પ્રાસંગિક પ્રશ્નો પુછી તેમનું માર્ગદર્શન મેળવ્યું હતું. સંવાદ દરમિયાન એક યુવાને સવાલ કરતા પુછયું કે, તમે રાષ્ટ્ર માટે જીવન સમર્પિત કર્યું છે તો, યુવાનો માટે શું સંદેશ છે.

આ પ્રશ્નનો રાજ્યપાલશ્રી આચાર્યદેવવ્રતે ખુબ વિસ્તારથી અને ઉદાહરણ સાથે જવાબ આપતા જણાવ્યું હતું કે, 'ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'નશા મુકત વિકસિત ભારત'નો સંકલ્પ કર્યો છે અને આ સંકલ્પને સાકાર કરવા માટે સતત કાર્યરત છે આપણો દેશ વિકસિત બને સાથે-સાથે નશામુકત પણ હોવો જોઈએ. રાષ્ટ્રની સૌથી મોટી સંપતિ તેની યુવા પેઢી છે આ યુવા પેઢી સંસ્કારી અને નશામુકત રહે તે માટે વડાપ્રધાનશ્રીએ જનઆંદોલન છેડયું છે. આ પહેલને પણ એક નશો હોવો જોઈએ પણ એ નશો અલગ હોય. આ પહેલ જળસંચય કરવાનો, પર્યાવરણ બચાવવાનો, વડીલોનો સત્કાર કરવાનો નશો હોવો જોઈએ. જંક્યસનેમહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, ભગતસિંહને અમર કર્યા તે પ્રકારનું રાષ્ટ્રહિત માટેનું વ્યસન આપણે કરવાનું છે.' અન્ય એક યુવાને રાજ્યપાલશ્રીને પ્રાકૃતિક ખેતીનાં તેમના અભિયાન વિશે સવાલ કરીને તેમાં યુવાનો જોડાવવા માટે તેમનું માર્ગદર્શન માંગ્યુંહતું. રાજ્યપાલશ્રીએ યુવાનનાં પ્રશ્નનાં જવાબમાં કહ્યું કે, હું દરેક જિલ્લાના અંતરિયાળ ગામોમાં ખેડૂતો વચ્ચે જઈને રાત્રે રોકાણ કરું છું. દરેક ગામમાં પંચાયતની એક એકર પડતર જમીનમાં વડાપ્રધાનશ્રીના 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ થાય તે માટે કાર્ય કરું છું.

સ્થાનિક લોકોને વૃક્ષો ઉછેરે તે માટે દરેક વૃક્ષને પરિવાર સાથે જોડું છું, એટલું જ નહીં પણ આ વાવેલા વૃક્ષોની સંભાળ લેવાય છે કે નહીં તે જાણવા માટે દર મહિને તેના વીડિયો-ફોટો પણ મંગાવું છું. હું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પરિવારોનાં ઘરે ભોજન લઈને રાત્રે ગ્રામજનો સાથે સંવાદ કરું છું. આ સંવાદમાં શિક્ષણ, વ્યસનમુક્તિ, પ્રાકૃતિક ખેતીની વાત કરીને રાસાયણિક ખાતરથી ધરતી માતા, પર્યાવરણ અને આ પણા સ્વાસ્થ્યને કેટલું નુકસાન થાય છે તે અંગે સંવાદ કરું છું. જેના પરિણામે ગુજરાતમાં અંદાજે ૮.૫ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે'

કાર્યક્રમમાં ઉપસ્થિત 'માય ભારત'ની સ્વયંસેવિકાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને સવાલ કર્યો હતો કે, રાજ્યનાં યુવાનોને નશા મુકત અભિયાનમાં જોડવા માટે આપના નેતૃત્વમાં કોઈ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે? મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે તેમના વિચારને આવકારતા કહ્યું કે, 'તમારો વિચાર સારો છે.યુવાધન નશામુકત બને અને વિકસિત ભારતનાં નિર્માણ માટે યુવા નશામુકત રહે તે માટેનું જનઆંદોલન કરવા માટે આપણેસૌ સંકલ્પબદ્ધ છીએ, પણ આ વિચારનું કેન્દ્રમાં 'માય ભારત' એટલે પોતાનો વિચાર નહી પરંતુ પોતા ના દેશનો વિચાર હોવો જોઈએ. મારું ભારત કેવું હોવું જોઈએ તે વિસ્તારપૂર્વક રાજ્યપાલશ્રીએ આપણને ઉદાહરણ સાથે સમજાવ્યું છે. આથી, માય ભારત માટે આપણે જેકરવું પડે તે બધા સાથે મળીને કરીશું.

દેશવ્યાપી આ અભિયાનમાં ગુજરાત સહિત ૨૬ રાજ્યોના રાજ્યપાલશ્રી તેમજ ૧૧ રાજ્યો ના મુખ્યમંત્રીશ્રીઓ સહભાગી થયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ યુવાનોને 'નશા મુકત યુવા - વિકસિત ભારત સંકલ્પ'ની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ ઉપરાંત 'નશા મુકત યુવા' વિષય પર આધારિત એક વિશેષ વીડિયો દર્શાવવામાં આવ્યો હતો અને યુવાનોમાં જાગૃતિ લાવવા માટે એક રસપ્રદ નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યુંહતું. માય ભારતના સ્ટેટ ડાયરેક્ટર શ્રી સચીન શર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત યુવા, વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે 'My Bharat' આજે દેશના અંદાજે ૨.૫ કરોડથી વધુ અને ગુજરાતના ૦૮ લાખથી વધુ યુવાનોને જોડીને આ દિશામાં કાર્ય કરી રહ્યું છે.'

નશા મુકત યુવા – વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નો હેતુ યુવાનોમાં સકારાત્મક વિચારધારા, જવાબદારી અને રાષ્ટ્રસેવાની ભાવનાને વધુ વિકસાવવાનો છે, જેથી ૨૦૪૭ના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા સશકત યુવાનો તૈયાર થઈ શકે. આજે દેશભરમાં હજારો સ્થાનેવિવિધ યુવાનો આ અભિયાન સાથે જોડાઈ રહ્યા છે આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ભાજપ શહેરપ્રમુખ શ્રી આશિષ દવે, NFS Uના ચાન્સેલર ડા. જે.એમ.વ્યાસ, જિલ્લા કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતલે, NFS Uના કેમ્પસ ડાયરેક્ટર ડો. એસ.ઓ જુનારે સહિત બહોળી સંખ્યામાં Gen-Z યુવાનો, શાળાઓ-કોલેજોના વિદ્યાર્થીઓ-યુવાઓ પ્રત્યક્ષ અને ઓનલાઈન આ માધ્યમથી ઉત્સાહભર સહભાગી થયા હતા.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028